તંત્રીશ્રીની કલમે

ટેકનિકલ ક્ષેત્રોમાં યુવતીઓની ભાગીદારીથી પ્રસન્નતામાં વધારો

ટેકનિકલ શિક્ષણમાં દીકરીઓએ પોતાની પ્રતિભાને પુરવાર કરવામાં વિશેષ સક્રિયતા દર્શાવી છે, એટલું જ નહીં, પોતાનું કૌવત દાખવવામાં તેઓ જરા પણ પાછળ રહી નથી. માતા-પિતાના વિશ્વાસ અને ખુદની પાછળ થયેલા શૈક્ષણિક ખર્ચનું પૂર્ણ વળતર સફળતા સાથે આવી રહી છે. યુવાનોની તુલનામાં દીકરીઓએ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં કાઠું કાઢ્યું છે. કોઈ સમય એવો હતો એ ક્ષેત્રમાં યુવાનોનો દબદબો અને તેજ રફતારનું દર્શન થતું હતું. હવે ત્યાં યુવતીઓએ પોતાની શક્તિ પુરવાર કરી દીધી છે. સરકારી તંત્ર દ્વારા હજુ પણ દીકરીઓને વધુ પ્રોત્સાહન મળે નવી આશા રખાય છે. શરૂઆતથી કેવળ શિક્ષણમાં જ પોતાનું ધ્યાન પરોવી રાખનાર દીકરીઓ હવે વધુ જવાબદાર બની છે અને દિનપ્રતિદિન તેની શક્તિની ખિલવણી વધુ તેજ બની રહી છે. વિદ્વાનો હંમેશા કહેતા આવ્યા છે. કે કોઈપણ ક્ષેત્રમાં કોઈની વ્યક્તિગત ઈજારાશાહી ચાલી શકે નહીં. આ મારું ક્ષેત્ર છે અને હું જે કરું છું એવી લાગણી અસ્થાને છે. સફળતા માટે કોઈપણ ક્ષેત્ર કોઈ એક વ્યક્તિનું હોઈ શાકે નહીં. તે બાપકી જાગીર નથી. દરેકના માટે દ્વાર ખુલ્લા છે, જ્ઞાન અર્જિત કરવા માટે બધાને સમાન અધિકાર હોય તે સમજી શકાય. શિક્ષણ આગળ વધીને પોતાનો અને પોતાના પરિવારનો ઉધ્ધાર કરવા માટે માણસ પહેલેથી ખૂબ જ શ્રમ ઉઠાવતો આવ્યો છે. શૈશવકાળથી માણસની નજરમાં પોતાનો વિકાસ કેન્દ્રિત થયો હોય છે, અને માનવનું એક જ સ્વપ્ન હોય.. ઘરનો બંગલો, ગાડી અને આવશ્યક આવક ઉપરાંત કટોકટીમાં ઉપયોગી થઈ શકે તેવું બેન્ક બેલેન્સ. હા, સાથોસાથ સુઘડ આરોગ્ય પણ આવશ્યક હોય છે. શરીર સ્વાસ્થ્ય સારું હશે તો તમે સુખનો ઉમદા પ્રકારે ભોગવટો પણ કરી શકો. જો તમે શારીરિક રીતે બીમાર અને નબળા હશો તો રળેલું ધન કશો કામનું નહીં રહે. એટલે માણસ સક્ષમ બનવા અને વધુ પગભર થવા ખૂબ ભણીને ખૂબ બધુ કમાવા ઈચ્છે છે તેથી શિક્ષણની કેડીએ તે સક્ષમ દોટ લગાવી રહ્યો છે. આ વાત, આવકાર્ય પણ હવે યુવતીઓ પણ મેદાનમાં આવી છે. ઘરનો ખર્ચ વહન કરવાની જવાબદારી એકલા પુરુષની જ નથી હોતી, દીકરીઓ પણ પરિવારને મદદરૂપ થવા કટિબધ્ધ હોય છે સાથો સાથ પરણ્યા પછી આયોજન સાથે ખર્ચાય તો તેને તે ગમે છે. પરિણિતા હંમેશા બે ઘરની ચિંતા કરે છે. પિયર અને શ્વસૂર ગૃહ, તેને માટે સમાન હોય છે. બધા જ કિસ્સામાં કદાચ ના પણ હોય, પરંતુ પિયર અને શ્વસૂરગૃહ બન્ને તરફ તેની મમતા જોડાયેલી રહે છે. ક્યાંક વધુ ક્યાંક ઓછી, જુદા જુદા કારણો અને સ્થિતિ અનુસાર એ વલણ જોવા મળે છે. આજે અહીં ટેકનિકલ શિક્ષણમાં દીકરીઓની વધતી ભાગીદારી વિશે વાત કરીશું. ખૂબ જ સુખદ સંકેત જ કહેવાય કે આઇઆઇટી, એનઆઇટી, ટ્રિપલ આઇટી જેવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવામાં દીકરીઓની ભાગીદારી વધવા લાગી છે. ભારતીય સમાજમાં લાંબા સમય સુધી એન્જિનિયરિંગને પુરુષોનું ક્ષેત્ર માનવામાં આવતું હતું, પરંતુ તાજેતરના વર્ષોમાં એ ધારણા ઝડપથી વધી રહી છે. જોઈન્ટ બેઠક એલોકેશન ઓથોરિટી અનુસાર આ સંસ્થાઓમાં ફીમેલસુપર ન્યુમરેરી બેઠકોની શરૂઆતે આ બદલાવને ગતિ આપી છે, આ પ્રયાસોએ ના કેવળ એન્જિનિયરિંગમાં લૈંગિક અસંતુલનને ઓછું કર્યું છે, પરંતુ દીકરીઓને ટેકનિકલ શિક્ષણ અને કેરિયરમાં નવી ઊંજાઇઓને સ્પર્શવા તકો પણ અપાઇ છે. આ બદલાવ સામાજિક, વૈજ્ઞાનિક અને નીતિગત સ્તર પર કેટલાયે કારકોનું પરિણામ છે, જેણે નારીશક્તિને નૂતન આયામ આપવામાં ભૂમિકા ભજવી છે. આઇઆઇટીમાં મહિલા વિદ્યાર્થિનીઓની ભાગીદારી ૨૦૧૮ના ૮ ટકાથી વધીને ૨૦૨૪માં ૨૦ ટકા સુધી પહોંચી ગઇ છે. અને તેથી તે અંગેની પ્રશન્નતા પણ દેખાય છે.

નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ એજયુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (એનઆઇઇપીએ) અનુસાર, એન્જિનિયરિંગમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓની સંખ્યામાં ૨૦૧૫થી ૨૦૨૫ સુધી ૩૫ ટકાની વૃધ્ધિ થઇ છે. આ આંકડા દર્શાવે છે કે, દીકરીઓ હવે ના કેવળ એન્જિયરિંગને પસંદ કરી રહી છે પરંતુ એમાં ઉત્કૃષ્ટતા પણ પ્રાપ્ત કરી રહી છે. વૈજ્ઞાનિક શોધ પણ આ બદલાવની પાછળના કારણોને સમજવામાં મદદ કરે છે. ન્યુરો સાયન્સ અને જનેરિકસના અધ્યયનો અનુસાર દીકરીઓમાં બે એકસ કોમોસોમ્સ એપની માનસિક અને તણાવ ઝીલવાની ક્ષમતાને વધારે છે. આ એપસ પડકારજનક પરિસ્થિતિઓમાં સકારાત્મક રહેવામાં મદદ કરે છે.

મનોવૈજ્ઞાનિક અધ્યયનોમાં એ પણ જોવા મળ્યું છે કે, મહિલાઓ મલ્ટીટાસ્કિંગ અને રચનાત્મક વિચારમાં પુરુષોની તુલનામાં વધારે કુશળ હોઇ શકે છે, તે ગુણ એન્જિનિયરિંગ જેવા જટિલ અને નવા ચાર ક્ષેત્રમાં એમની સફળતાનો આધાર બન્યા છે. એ વાતનો ઇન્કાર નહીં કરી શકાય કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓએ પણ દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પરિવારોના વિચારોમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. પહેલા જ્યાં દીકરીઓએ એન્જિનિયરિંગ અથવા ટેકનિકલ ક્ષેત્રથી લઇને ખચકાટ હતો, આ ક્ષેત્રોમાં કેરિયર બનાવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ એક અનોખો બદલાવ છે અને તેની નોંધ લેવાઇ રહી છે. આ બદલાવ કેવળ નીતિઓ અને વૈજ્ઞાનિક કારણ સુધી સીમિત નથી.છેલ્લા કેટલાક દશકાઓથી દીકરીઓ એન્જિનિયરિંગ જ નહીં, સેના, પોલીસ, મેડિકલ, મેનેજમમેન્ટ અને આર્ટર્ડ એકાઉન્ટસી જેવા ક્ષેત્રોમાં પણ પોતાની ઉપસ્થિતિ નોંધાવી રહી છે, આમ છતાં ગ્રામીણ ક્ષેત્રોમાં છોકરીઓને હજી પણ ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ પ્રશિક્ષણ સુધી પહોંચવામાં અવરોધ નડે છે. આ પડકારો સામે ટકવા શિક્ષણ સાથે જાગૃતિ અભિયાનો વધુ ગતિવંત બનાવવા જોઇએ.

વિકસિત ભારત માટે વિકસિત ગામ બનાવોઃ પેમ્માસાની ચંદ્રશેખર

નવી દિલ્હી,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પેમ્માસાની ચંદ્રશેખરે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે 'વિકસિત ગામ' બનાવવાનું આહ્વાન કર્યું છે. નવી દિલ્હીમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયની કામગીરી સમીક્ષા સમિતિની પ્રથમ બેઠકને સંબોધતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે 'વિકસિત ગામ' એવું હશે જ્યાં દરેક પરિવાર પાસે મૂળભૂત સુવિધાઓ સાથેનું કોંક્રિટનું ઘર હોય, ગુણવત્તાયુક્ત રસ્તાઓથી જોડાયેલ હોય, દરેક ગ્રામીણ યુવાનોને રોજગારની તકો હોય અને દરેક મહિલા સશક્ત અને આર્થિક રીતે સ્વતંત્ર હોય. આ કોઈ દૂરનું સ્વપ્ન નથી પરંતુ તે પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ આ માટે આપણે નવી ઊર્જા, નવીન વિચારસરણી અને ઊંડી પ્રતિબદ્ધતા સાથે કામ કરવાની જરૂર છે. આ ધ્યેય પ્રાપ્ત કરવામાં ગ્રામીણ વિકાસ મંત્રાલયની ભૂમિકા પર ભાર મૂકતા શ્રી પેમ્માસાનીએ જણાવ્યું હતું કે અમે ફક્ત યોજનાઓનો અમલ કરી નથી રહ્યા પરંતુ ભારતની વિકાસગાથાનો આગામી પ્રકરણ લખી રહ્યા છીએ. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેબિનેટ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, અમે ગ્રામીણ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.મંત્રાલયની વિવિધ યોજનાઓની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી પેમ્માસાનીએ કહ્યું હતું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) ગ્રામીણ બેરોજગારી અને ખાસ કરીને કૃષિના નબળા મોસમ દરમિયાન સંકટ સ્થળાંતર સામે એક હથિયાર તરીકે કામ કરી રહી છે. ૯૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ કરોડ રૂપિયાના વાર્ષિક રોકાણને કારણે ટકાઉ અને ઉત્પાદક સંપત્તિનું નિર્માણ થયું છે. દર વર્ષે ૨૫૦ કરોડથી વધુ માનવ-દિવસ ઉત્પન્ન થયા છે, ૩૬ કરોડથી વધુ જોબ કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને ૧૫ કરોડથી વધુ કામદારો તેના લાભાર્થી બન્યા છે. શ્રી પેમ્માસાનીએ પગાર ચુકવણીને બદલે અર્થપૂર્ણ સંપત્તિ નિર્માણ, પ્રવૃત્તિઓનું વૈવિધ્યકરણ અને અન્ય વિકાસ યોજનાઓ સાથે તેમનું સંકલન અને કાર્ય પસંદગીમાં સમુદાયની ભાગીદારી સૂચવી હતી.

પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ (ઁસ્છ૩-ય)નો ઉલ્લેખ કરતા, શ્રી પેમ્માસાનીએ માહિતી આપી કે તેની શરૂઆતથી, કાચા અથવા જર્જરિત મકાનોમાં રહેતા ગ્રામીણ પરિવારો માટે ૩.૨૨ કરોડથી વધુ ઘરો બનાવવામાં આવ્યા છે અને પરિવારના વિકાસ અને ગ્રામીણ વસ્તી વિસ્તરણને કારણે વધતી માંગને પહોંચી વળવા માટે ૨૦૨૯ સુધીમાં ૨ કરોડ વધારાના ઘરો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રીએ પર્યાવરણને અનુકૂળ અને પ્રદેશ-વિશિષ્ટ બાંધકામ તકનીકો અને ખર્ચ-અસરકારક આવાસ ડિઝાઇનના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું પણ સૂચન કર્યું હતું. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અત્યાર સુધીમાં ૭.૫૬ લાખ કિલોમીટરથી વધુ ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે તે દર્શાવતા, શ્રી પેમ્માસાનીએ રાજ્ય સ્તરીય માર્ગ જાળવણી ભંડોળ સ્થાપવા, સમુદાય આધારિત દેખરેખ પ્રણાલીઓનો અમલ કરવા અને ટકાઉપણું માટે નવીન ધિરાણ મોડેલો વિકસાવવાનું સૂચન કર્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે, ઢછ૩-દ્નઈન્સ સામાજિક અને આર્થિક સશક્તીકરણના એક શક્તિશાળી સાધન તરીકે ઉભરી આવ્યું છે, જેમાં ૧૦.૦૫ કરોડથી વધુ ગ્રામીણ મહિલાઓ ૯૧ લાખ સ્વ-સહાય જૂથો (જીઊઁજ્જ) માં રચાઈ છે અને સંચિત બેંક જોડાણ રૂ. ૧૧ લાખ કરોડને પાર થયું છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, લખપતિ દીદી પહેલ હેઠળ, ૩ કરોડ મહિલાઓના લક્ષ્યાંક સામે ૧.૫ કરોડ મહિલાઓ પહેલાથી જ વાર્ષિક ૧ લાખ રૂપિયાથી વધુ કમાણી કરી શકે છે. શ્રી પેમ્માસાનીએ લક્ષિત ધિરાણ, ઉન્નત કૌશલ્ય અને બજાર-તૈયાર સહાય દ્વારા "લખપતિ દીદીઓ"ને વધુ સશક્ત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્ય અને પ્લેસમેન્ટ કાર્યક્રમ ઢઠ્ઠેં-ય્દ્ધરૂ એ ૧૭ લાખથી વધુ ગ્રામીણ યુવાનોને તાલીમ આપી છે અને ૧૧ લાખથી વધુ લોકોને લાભદાયી રોજગાર આપ્યો છે.કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી શ્રી કમલેશ પાસવાન, ગ્રામીણ વિકાસ સચિવ શ્રી શૈલેષ કુમાર સિંહ, ભારત સરકાર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં 'U' આકારમાં એટલે કે તમિલમાં આકારમાં બેસશે

તમિલનાડુ, તમિલનાડુની બધી સરકારી શાળાઓમાં પરંપરાગત બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી, વિદ્યાર્થીઓ બધા વર્ગોમાં એક બીજાની પાછળ એમ એક લાઇનમાં બેસતા હતા, પરંતુ હવે બેઠક વ્યવસ્થા બદલાઈ ગઈ છે. તમિલનાડુના વિદ્યાર્થીઓ હવે વર્ગમાં ''' આકારમાં એટલે કે તમિલમાં 'આકારમાં બેસશે.

તમિલનાડુ સરકાર દ્વારા આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓ દરેક પ્રવૃત્તિમાં ભાગ લે, દરેક વિદ્યાર્થીને આગળની હરોળનો અનુભવ આપવાનો છે. હાલ આ વ્યવસ્થા પાયલટ ધોરણે લાગુ કરવામાં આવશે અને તેની સફળતાના આધારે તેનો વિસ્તાર કરવામાં આવશે. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વર્ગના કદ પર આધારિત રહેશે. તમિલનાડુ સરકાર તરફથી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'દરેક અવાજ સંભળાવવો અને દેખાવો જોઈએ. શિક્ષણ એ વાતચીત બનવું જોઈએ, વ્યાખ્યાન નહીં.' 'વર્ગના બધા વિદ્યાર્થીઓ 'U' આકારમાં બેસશે. કોઈ પણ વિદ્યાર્થી એકબીજાની આગળ કે પાછળ બેસશે નહીં. તમે તેને અર્ધવર્તુળ તરીકે સમજી શકો છો. આ ગોઠવણીમાં, ડેસ્ક અને ખુરશીઓ એવી રીતે મૂકવામાં આવે છે કે તે મોટા '' જેવા દેખાય. આથી શિક્ષક ''ના ખુલ્લા ભાગમાં ઊભા રહીને બધા વિદ્યાર્થીઓને જોઈ શકે છે અને વિદ્યાર્થીઓ પણ એકબીજાના ચહેરા જોઈ શકે છે. આ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સંપર્ક અને વાતચીતને સરળ બનાવે છે. તમિલનાડુ શાળા શિક્ષણ વિભાગ માને છે કે ક્લાસમાં યોગ્ય બેઠક વ્યવસ્થા અભ્યાસ સુધારવા, વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીત વધારવા અને તેમને આરામદાયક અનુભવ કરાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ આદેશમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે પરંપરાગત વર્ગખંડોમાં પાછળના બેન્ચ પર બેઠેલા વિદ્યાર્થીઓને ઘણીવાર શિક્ષક સાથે સીધો સંપર્ક કરવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ હવે આ નવી વ્યવસ્થાના કારણે છેલ્લી બેન્ચ જ દૂર કરી દેવામાં આવી છે. જેથી દરેક વિદ્યાર્થી પ્રથમ હરોળમાં જ બેસે. કેરળની રામવિલાસોમ વોકેશનલ હાયર સેકન્ડરી સ્કૂલમાં બાળકોની બેઠક વ્યવસ્થા 'U આકારમાં ગોઠવવામાં આવી છે.

'મારો પરિવાર નાસ્તિક, હું વિક્કા ધર્મનું પાલન કરું છું'

શ્રૃતિ હાસન એક એવી અભિનેત્રી છે જે પોતાની પર્સનલ લાઈફ, લવ લાઈફ અને પોતાના ભૂતકાળ વિશે ખુલીને વાત કરે છે. તે દરેક મુદ્દા પર પોતાનો અભિપ્રાય આપવામાં અચકાતી નથી. હવે શ્રૃતિ હાસને પોતાના બાળપણ વિશે વાત કરી છે અને કહ્યું કે હું એક નાસ્તિક પરિવારમાંથી આવું છું. જ્યાં ભગવાન અને પૂજામાં બહુ વિશ્વાસ નથી. એક યુટ્યુબરને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રૃતિ હાસને ઘણા વિષયો પર વાત કરી હતી. પોતાના બાળપણના દિવસો વિશે વાત કરતા શ્રૃતિએ પોતાના બાળપણને થોડું અસ્તવ્યસ્ત અને અરાજક બતાવ્યું હતું. તેણે કહ્યું કે, અમે એક નાસ્તિક ઘરમાં ઉછર્યા હતા. એક બિનધાર્મિક ઘરમાં. જ્યારે હું આ કહું છું ત્યારે મારા પિતાને નફરત છે, પરંતુ અમારા ઘરમાં કોઈ ભગવાન નહોતા. એ બધું ન હોતું જે બીજા ઘરોમાં હોય છે. ભગવાનમાં કે કોઈ ધર્મ માનવામાં નહોતું આવતું. ક્યાંક મારા બાળપણના મનમાં મને ખબર હતી કે કલા એ ભગવાન છે.

ICICI Bank | રજી.ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, લેન્ડમાર્ક, રેસકોર્સ સર્કલ, વડોદરા ૩૯૦૦૦૭
કોર્પોરેટ ઓફિસઃઆઈસીઆઈસીઆઈ બેંક ટોવર્સ બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ),મુંબઈ- ૪૦૦૦૫૧.
બ્રાન્ચ ઓફિસઃ ઓફિસ નં. ૨૦૧-બી, રજો માળ, વાઈ-કાઈ આઈટી પાર્ક, રોડ નં. ૧, પ્લોટ નં. બી/૩, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ), થાણે- ૪૦૦૬૦૪

મૃતક કરજદારના કાનુની વારસદારના ડિસ્ક્લોઝર માટે નોટિસ
જાહેર નોટિસ

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે ICICI બેંક લિમિટેડ (ધ બેંક) દ્વારા મૃતક મી. કિરણ કિશનલાલ નંદવાના ને હોમ લોન QZSUR00005013886/04100005526 (ક્રેડિટ સુવિધા) મંજૂર કરવામાં આવી હતી. આ ક્રેડિટ સુવિધા શ્રીમતી અનુરાધા કિરણ નંદવાના દ્વારા પ્લોટ નં. : ૧૪૩, શિવ સાગર રેસીડેન્સી, સર્વોત્તમ હોટેલ પાસે,બાગુમારા નહેર પાસે , મૌજેઃ દાસ્તણ સુરત- ૩૯૫૦૧૦ પર સ્થિત મિલકતના સંદર્ભમાં મોર્ટગેજ દ્વારા સુરક્ષા હિત બનાવીને સુરક્ષિત કરવામાં આવી છે.અમે તમને જણાવવા માંગીએ છીએ કે બેંક અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી ક્ષેત્ર મુલાકાતો અને રજિસ્ટર્ડ સંપર્ક નંબરો પર ટેલિફોનિક વાતચીત દ્વારા મી. કિરણ કિશનલાલ નંદવાનાના અવસાનની જાણ અમને થઈ છે. આ સંદર્ભમાં, ૧૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, દેવાદારો અને મૃતક કિરણ કિશનલાલ નંદવાના ના નોંધાયેલા સરનામાં પર મૃતક દેવાદારના કાનૂની વારસદારો વિશે માહિતી આપવા માટે પત્ર મોકલવામાં આવ્યો હતો.
તેથી, આ સૂચના પ્રકાશિત થયાના ૧૫ દિવસની અંદર, બેંકના રેકોર્ડ અપડેટ કરવા માટે સહાયક દસ્તાવેજો સાથે મૃતક મી. કિરણ કિશનલાલ નંદવાના ના કાનૂની વારસદારોની વિગતો શેર કરવા માટે આ સૂચના આપવામાં આવે છે. તમે ઉપરોક્ત વિગતો કિશન ગોહિલને ICICI બેંક લિમિટેડ, ૧લો અને ૨જો માળ, ગીત પ્રભાકોમ્પ્લેક્ષ કડીવાળા સ્કુલ , મજુરા ગેટ સુરત ગુજરાત ૩૯૫૦૦૧, ભારત ની મુલાકાત લઈને સબમિટ કરી શકો છો.

તારીખ : ૨૫ જુલાઈ, ૨૦૨૫ — અધિકૃત અધિકારી
સ્થળ : સુરત — આઈસીઆઈસીઆઈ બેંક લિ.વતી

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, પહેલો માળ, ગીત પ્રભા બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલ કોસ રોડ પાસે, સિવિલ હોસ્પિટલ સામે, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨

જાહેર નોટિસ - મુકરર મિલકતના વેચાણ માટે ટેન્ડર કમ ઈ-હરાજી નોટિસ

(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જુઓ)
સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટિસ

સ્થાવર સંપત્તિ/સંપત્તિઓના વેચાણ માટે આ ઇ-હરાજી સૂચના આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ દ્વારા (દિવાન હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (ડીએચએફએલ) દ્વારા આઈસીઆઈસીઆઈ બેંકને સોંપવામાં આવેલા અંતર્ગત પૂલ પર) ડીએચએફએલ અને નીચેના દેવાદાર/દેવાદાર/સહ-દેવાદાર/સહ-દેવાદાર/ગેરન્ટર/ગેરન્ટર્સ વચ્ચે થયેલા લોન કરાર અનુસાર આપવામાં આવેલી હાઉસિંગ લોન સુવિધાના સંદર્ભમાં સુરક્ષાના અમલીકરણના સંદર્ભમાં જારી કરવામાં આવી રહી છે. સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવેલ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ.
આ નોટિસ સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર/દેવાદાર/સહ-દેવાદાર/સહ-દેવાદાર/ગેરન્ટરને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે જે સુરક્ષિત લેણદારને આપવામાં આવી છે, જેનો ભૌતિક કબજો આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. નીચે આપેલ સંક્ષિપ્ત વિગતો મુજબ 'જેમ છે જ્યાં છે', 'જેમ છે તેમ છે' અને 'જે કંઈ છે તે' ના આધારેઃ

ક્રમ નં.	દેવાદાર / સહ-દેવાદારો / જામીનદારોનું નામ અને લોન એકાઉન્ટ નંબર	જાણીતા બોજા સાથે સુરક્ષિત સંપત્તિ(ઓ)ની વિગતો, જો કોઈ હોય તો	બાકી નીકળતી રકમ	અનામત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝીટ	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ-હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	અંકેશકુમાર વી તાલાવિયા (દેવાદાર)/ મુક્તાબેન વિનુભાઈ તાલાવિયા (સહ-દેવાદાર) લોન એકાઉન્ટ નંબર QZSUR00005028850	પ્લોટ નં. ૧૧૧, ધારા રેસીડેન્સી, સુખ રેસીડેન્સીની પાછળ, કેનાલની બાજુમાં, શેખપુર રોડ, મોજે વેલંજા, સુરત- ૩૯૪૧૫૦ (૫૦.૦૮ ચોરસ મીટર વિસ્તારનું માપન ૬૦ ચોરસ યાર્ડ જેટલું અને જમીનનો અવિભાજિત હિસ્સો ૩૧.૩૧ ચોરસ મીટર)	રૂા. ૧૩,૩૬,૮૧૩/- (૧૭-૭-૨૦૨૫ના રોજ)	રૂા. ૯,૧૨,૦૦૦/- / રૂા. ૯૧,૨૦૦/-	ઓગસ્ટ ૨૦,૨૦૨૫ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી ૧૧:૦૦ કલાક સુધી	સપ્ટેમ્બર ૦૨, ૨૦૨૫ ના રોજ ૧૧:૪૫ એ.એમ.થી શરૂ

ઓનલાઈન હરાજી ઈ-ઓક્શન એજન્સી મેસર્સ નેક્સઝેન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ (URL Link - https://disposalhub.com) પર થશે. આ નોટિસ પ્રાપકર્તાઓને ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ૦૪:૩૦ પી.એમ. પહેલાં વધુ વ્યાજ સાથે કુલ બાકી રકમ ચૂકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, જો આમ ન થાય તો, સુરક્ષિત સંપત્તિ/સંપત્તિ શેડ્યૂલ મુજબ વેચવામાં આવશે.
સંભવિત બોલી લગાવનાર/બિડરોએ ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં ૦૪:૩૦ પી.એમ. પહેલાં આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, પહેલો માળ, ગીત પ્રભા બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલ કોસ રોડ પાસે, સિવિલ હોસ્પિટલ સામે, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨ ખાતે અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ જુઓ) સબમિટ કરવો આવશ્યક છે. ત્યારબાદ, તેમણે/તેણીએ ઉપરોક્ત વેબસાઈટ દ્વારા ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં ૦૫:૦૦ પી.એમ. પહેલાં ઓફર/ઓફર સબમિટ કરવાની રહેશે. સાથે ઈએમડી ની ચુકવણીના પુરાવા તરીકે બેંક દ્વારા સ્વીકૃત ડીડીની સ્કેન કરેલી નકલ પણ સબમિટ કરવાની રહેશે. જો સંભવિત બોલી લગાવનાર/બિડરો વેબસાઈટ દ્વારા ઓફર/ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલી નકલ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, પહેલો માળ, ગીત પ્રભા બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલ કોસ રોડ પાસે, સામે, આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ ખાતે સબમિટ કરી શકાય છે. સિવિલ હોસ્પિટલ, રિંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨, ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં, સાંજે ૦૫:૦૦ વાગ્યા પહેલાં. અર્નેસ્ટ મની ડિપોઝિટ ડીડી/પીઓ રાષ્ટ્રીયકૃત/શિડ્યુલ્ડ બેંકમાંથી 'આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ'ના નામે સુરત ખાતે ચૂકવવાપાત્ર હોવી જોઈએ.
નિરીક્ષણ, ઈ-હરાજીના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમિટ કરવા અંગે વધુ સ્પષ્ટતા માટે, આઈસીઆઈસીઆઈ બેંક કર્મચારીનો ફોન નંબર ૯૩૭૨૭૪૮૧૫૩/ ૯૮૨૫૦૧૭૬૮૦ પર સંપર્ક કરો.
કૃપા કરીને નોંધ કરો કે માર્કેટિંગ એજન્સીઓ ૧. વેલ્યુટ્રસ્ટ કેપિટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, ૨. ઓજીઓ એસેટ્સ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ ૩. કારદેખો.કોમ ૪. હેક્ટા પ્રોપર્ટેક પ્રાઈવેટ લિમિટેડ. ૫. આરકા ઈ-માર્ટ પ્રાઈવેટ લિમિટેડને પણ આ મિલકતના વેચાણને સરળ બનાવવા માટે રોકવામાં આવી છે.
અધિકૃત અધિકારી કોઈપણ વધારાના કારણો આપ્યા વિના કોઈપણ અથવા બધી બિડને નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને www.icicibank.com/n4p4s ની મુલાકાત લો.

તારીખઃ ૨૫ જુલાઈ, ૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

ICICI Bank | રજીસ્ટર્ડ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, લેન્ડમાર્ક, રેસકોર્સ સર્કલ, વડોદરા ૩૯૦૦૦૭
કોર્પોરેટ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૫૧.
બ્રાંચ ઓફિસઃ ઓફિસ નં. ૨૦૧-બી, બીજો માળ, વાઈ-કાઈ આઈટી પાર્ક, રોડ નં. ૧, પ્લોટ નં. બી/૩, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે (પશ્ચિમ), થાણે- ૪૦૦૬૦૪

મૃતક દેવાદારના કાયદેસર વારસદારોની જાહેરાત માટેની નોટિસ
જાહેર નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે હોમ લોન LBSUR00006005538 /LBSUR00006072718 (ક્રેડ